

Cadaver Organ Donor

# Lt. Bhilakiya Geryabhai Gamit

He Donated: Kidneys, Liver

Date:- 14/06/2018

DONATE LIFE™
an initiative for organ donation

# Surat: 2 cadaver organ donations in just a day

DNA Correspondent
correspondent@dnaindia.net

Two more cadaver organ donations were reported from Surat on Wednesday, taking the total number of such cases from the city in the past 11 days to seven.

In the first case, mill worker Rajendra Patil, 42, sustained grievous head injuries while returning home from work on May 30. He was taken to the hospital and operated upon, but doctors could not save him and declared him brain-dead on Wednesday. Patil's family members agreed to donate his organs after being convinced to do the same by Donate Life, an organization that works for organ donation in and around Surat.

In the second case, Bhilakia Gamit, 45, a farm worker, sustained injuries when he was hit by an unidentified vehicle while crossing the road on Monday. He was admitted to New Civil Hospital in Surat, where he was declared brain-dead. His family agreed to donate his organs.

Donate Life said in a release that four kidneys and two livers of the two deceased were donated. The kidneys were transplanted into Dr Naresh Surti of Navsari, Gautam Patel of Ahmedabad, Ankit Katheriya of Bhopal, and Mamta Bhasin of Lucknow. The two livers were transplanted into Himmatnagar resident Manish Shah, and Vadodara's Mitesh Chauhan.

**CASE SHEET**

- In first case, Rajendra Patil, 42, sustained grievous head injuries while returning home from work on May 30.
- **In the second case, Bhilakia Gamit, 45, a farm worker, sustained injuries when he was hit by an unidentified vehicle while crossing the road on Monday.**
- Four kidneys and two livers of the two deceased were donated. The kidneys were transplanted into Dr Naresh Surti of Navsari, Gautam Patel of Ahmedabad, Ankit Katheriya of Bhopal, and Mamta Bhasin of Lucknow.



# डोनेट लाइफ ने एक ही दिन में दो परिवार का अंगदान स्वीकारा



लोकतेज संवाददाता

सूरत। पर्वत गाम, लिंबायत में रहनेवाला राजेन्द्र बाबुराव पाटील उ.42 कडोदरा में जयभारत डाइंग मिल में हेल्पर के तौर पर कार्यरत थे। 30 मई को वह बाइक से रात में गुजर रहे थे। जिन्हें बाइक चालक ने टक्कर मारा और गिर गए। डिवाइडर से टकराने पर उनके सिर में गंभीर चोट लगने से बेहोश हो गए। जिन्हें ब्रेन हेमरेज हो गया । आखिर में चिकित्सकों ने उन्हें ब्रेनडेड घोषित कर दिया। वहीं भीलकिया गेरयाभाई गामित उ. 48 निवासी उच्छल, तापी 11 जून को बारडोली से रात को अपने घर आ रहे थे तभी सोनगढ के पास सिथत मीरकोट गाम, चार रास्ता पर रास्ता क्रॉस करते समय वाहन चालक ने टक्कर मारा। वे नीचे गिरे और सिर में गंभीर चोट लगने से बेहोश हो गए।

# सूरत के दो ब्रेनडेड लोगों ने दिया आठ को नया जीवन

हेल्थ रिपोर्टर | सूरत

सूरत के दो ब्रेनडेड व्यक्तियों के अंगदान से आठ लोगों को नया जीवन मिला है। बुधवार को इन दोनों की चार किडनियां, दो लीवर और आंखें दान कर दी गई। एक किडनी नवसारी निवासी नरेश छबिलाल दास सूरती (56) और दूसरी अहमदाबाद निवासी गौतम बाबू भाई पटेल (55), तीसरी भोपाल निवासी अंकित मिथलेश कथेरिया (25) और चौथी लखनऊ के ममता गिरिश भसीन (52) को ट्रांसप्लांट किया गया। दो लीवर में से एक हिम्मतनगर निवासी मनीष कुमार मनहर लाल शाह (46) और दूसरा वडोदरा के मीतेश वेचर भाई चौहान (39) को ट्रांसप्लांट किया गया। आंखों को आई बैंक में रख दिया गया। लिंबायत के परवत गांव के रत्न प्रभाकर सोसाइटी निवासी 42 वर्षीय राजेंद्र बाबूभाई पाटिल कटोदरा में एक डाइंग मिल में काम करते थे। गत 30 मई को रात्रि आठ बजे बाइक से काम से आ रहे थे। रास्ते में किसी बाइक सवार ने टक्कर मार दी। उन्हें स्मीमेर अस्पताल के बाद एक निजी अस्पताल ले जाया गया। 13 जून को न्यूरोसर्जन डॉ. किरीट शाह और न्यूरोफिजिशियन डॉ. पार्थिव देसाई ने उन्हें ब्रेनडेड घोषित कर दिया। इसी तरह तापी उच्छल तालुका निवासी 43 वर्षीय भीलकिया गेरया भाई गामित की 11 जून की रात सोनगढ़ में सड़क दुर्घटना हो गई थी। सिविल अस्पताल में इलाज के दौरान उन्हें ब्रेनडेड घोषित किया गया।

## एक ही दिन में दो ब्रेनडेड के अंगदान से 6 लोगों को मिला नवजीवन

**दो व्यक्तियों के अंगदान से 4 कीडनी और दो लिवर का दान मिला था**





संवाददाता, सूरत

शहर से एक ही दिन में दो ब्रेनडेड व्यक्ति के अंगदान से 4 कीडनी और 2 लिवर के दान से 6 व्यक्तियों को नवजीवन मिला। यही नहीं 11 दिन में शहर में से कुल 7 ब्रेनडेड व्यक्ति के 12 कीडनी, 6 लिवर और 10 चक्षुओं के अंगदान से 29 लोगों को नवजीवन मिला। प्राप्त जानकारी के अनुसार लिंबायत के स्वप्नाकार सोसायटी निवासी और सहारा मिल में काम करनेवाले राजेन्द्र बाबूराव पाटिल को संतान में दो पुत्र और दो पुत्री है।

उनका सड़क हादसा होने पर स्मीमेर में भर्ती किया गया। वहां से उपचार के लिए निजी अस्पताल में ले जाने पर उन्हें ब्रेनडेड घोषित किया था। डोनेट लाइफ संस्था द्वारा उनके परिवार को अंगदान के लिए समझाने पर अंगदान किया। यही अन्य एक परिवार ने अंगदान करने पर गीलकिया नेवजा गामित (उच्छल) खेत मजदूर है। उन्हें संतान में तीन पुत्री है। उनका गत 11 जून को सड़क हादसा हुआ था। इसमें उन्हें निजी अस्पताल के बाद सिविल में भर्ती किया गया। वहां उन्हें ब्रेनडेड घोषित किया। डोनेट लाइफ संस्था द्वारा उनके परिवार को अंगदान के बारे में समझाने पर दो कीडनी और लिवर का दान लिया। डोनेट लाइफ के प्रमुख डॉ. निलेश मांडलेवाला ने बताया कि दान में मिले कीडनी में से नवसारी के डॉ. नरेश दलीलदास सूर्ती (57), अहमदाबाद के गौतम बाबू पटेल (55), भोपाल के अंकित मिथलेश कर्वेरिया (25) और लखनऊ के ममता गिरीश भार्गव (52) को ट्रान्सप्लान्ट की गई। यही लिवर हिंमतनगर के मनोज मनहर शाह (46) और वडोदरा के निवासी गिरीश बेचर चौहाण (39) में ट्रान्सप्लान्ट किया गया।

### कुंभी और गामित समाज के लोगों को दिखाई नई राह

## दो जनों के अंगदान से छह को मिला नया जीवन

**डोनेट लाइफ के प्रयास से 11 दिन में सात ब्रेनडेड से 29 लोगों को मिला जीवन**





**सूरत @ पत्रिका.** सड़क दुर्घटना में कुंभी और गामित समाज के दो व्यक्तियों के घायल होने के बाद चिकित्सकों ने उन्हें सुश्रुषा को ब्रेनडेड घोषित कर दिया। इसके बाद परिजनों ने अंगदान का निर्णय किया। दो जनों के अंगदान से छह जनों को नया जीवन मिला है। पिछले ग्यारह दिन में डोनेट लाइफ ने शहर से सात ब्रेनडेड व्यक्ति के परिजनों को अंगदान की जानकारी देकर तेरह किडनी, छह लीवर और दस चक्षुओं का दान करवा कर 29 जनों को नया जीवन दिया है। लिम्बायत स्वप्नाकार सोसायटी निवासी राजेन्द्र बाबूराव पाटील (42) 30 मई को पत्नी के साथ मोटरसाईकिल पर घर जा रहे थे, कपीलेली सहारा मिल के पास अज्ञात मोटरसाईकिल ने उनको टक्कर मार दी। हादसे में राजेन्द्र को सिर में गंभीर चोट आई। उपचार के दौरान चिकित्सकों ने 13 जून को राजेन्द्र को ब्रेनडेड घोषित किया। दूसरे घटना में तापी जिले की उच्छल तहसील के पाटोली गांव दुर्गा फलिया निवासी गीलकीया नेवजा गामित (46) को 11 जून को रात साढ़े आठ बजे सोनगढ़ के पास भीनोट गांव पार रहता था सड़क पार करते समय अज्ञात वाहन ने उनको टक्कर मार दी। व्यारा रेफरल अस्पताल के बाद उनको न्यू सिविल अस्पताल में भर्ती करवाया गया। 13 जून को गीलकीया को ब्रेनडेड घोषित कर दिया गया। सूचना मिलने पर डोनेट लाइफ की टीम अस्पताल पहुंची और परिजनों को अंगदान के बारे में समझाया। दान में मिली दो किडनी में से एक किडनी नवसारी निवासी डॉ. नरेश दलीलदास सूर्ती (57), दूसरी अहमदाबाद निवासी गौतम बाबू पटेल (55), तीसरी किडनी मध्यप्रदेश, भोपाल निवासी अंकित मिथलेश कर्वेरिया (25), चौथी किडनी उत्तरप्रदेश लखनऊ निवासी ममता गिरीश भार्गव (52) में ट्रांसप्लांट किया गया। जबकि एक लीवर हिम्मत नगर निवासी मनोज कुमार मनहरलाल शाह (46), दूसरा लीवर वडोदरा निवासी गिरीश बेचर चौहाण (39) में ट्रांसप्लांट किया गया। डोनेट लाइफ ने अब तक 262 किडनी, 107 लीवर, 6 पैन्क्रियास, 17 हृदय और 222 चक्षुओं का दान लेकर 611 जनों को नया जीवन दिया है।





# એક જ દિવસમાં બે બ્રેનડેડ દર્દીઓના પરિવારોને અંગદાન કરી છ વ્યક્તિઓને નવજીવન આપ્યું

**પ્રથમવાર** ડોનેટ લાઇફના માધ્યમથી ૪ કિડની અને બે લિવરની એક જ દિવસમાં અંગદાન કરાયું

**નવસારીના** ડો. નરેશ સુરતીના શરીરમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાઇ ચાર જણને કિડની અને બે જણને લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાયા

સુરત : સુરતમાં એક જ દિવસમાં બે બ્રેનડેડ દર્દીઓના પરિવારોને અંગદાન કરી છ વ્યક્તિઓને નવજીવન આપ્યું છે. પ્રથમવાર ડોનેટ લાઇફના માધ્યમથી જ કિડની અને બે લિવરની એક જ દિવસમાં અંગદાન કરાયું હતું. કુંભી અને ગામીત સમાજના બે યુવાનો અકસ્માતમાં બ્રેનડેડ થતા તેમના અંગોનું દાન કરાયું હતું.

પ્રથમ બનાવની વિગત એવી છે કે કડોદરાની જયભારત મિલમાં કામ કરતા રાજેન્દ્ર બાબુરાવ પાટીલ (ઉ.વ. ૪૨) ગત બુધવારે પોતાના સાઢુભાઇ સાથે ઘરે જતા હતા ત્યારે અજાણ્યા બાઇક ચાલકની ટક્કરે થયેલી ઇજાને કારણે તેમને બ્રેઇન ડેડ જાહેર કરાયા હતા.

જ્યારે બીજા બનાવમાં તાપીના ઉચ્છલ તાલુકાના પરસોલી ગામના વતની ભીલકીયા ગેરયાભાઇ ગામીત ગત સોમવારે બારડોલીથી ઘરે જવા પરત જઇ રહ્યા હતા ત્યારે સોનગઢના મીરકોટ ગામ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા માથામાં ગંભીર ઇજા થતા તેમને પણ બ્રેઇનડેડ જાહેર કરાયા હતા. આ બંને યુવાનોના પરિવારજનોએ ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો કોન્ટેક કરતા પરિવારજનોએ અંગદાન માટે મંજૂરી આપી હતી. બંને યુવાનોની કુલ ચાર કિડની અને બે લીવરનું અમદાવાદની આઇકેડીઆરસી ઇન્સ્ટીટ્યુટમાં દાન કરવામાં આવ્યું હતું.

ચાર કિડની પૈકી એક કિડની નવસારીના ડો. નરેશ છબીલદાસ સુરતીને, બીજી કિડની અમદાવાદના ગૌતમ બાબુભાઇ પટેલને, ત્રીજી કિડની મધ્યપ્રદેશના અંકિત મિથલેશ કથેરીયાને અને ચોથી કિડની લખનઉની મમતા ગીરીશ ભસીનમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે બે પૈકીના એક લીવર હિંમતનગરના મનીષ મનહરલાલ શાહમાં અને બીજુ લીવર મીતેશ બેચરભાઇ ચૌહાણમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. ડો. પ્રાંજલ મોદી અને ડો. મીતુલ શાહે ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું.

# બે બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગદાનથી ૬ વ્યક્તિને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

સુરત શહેરમાં ડોનેટ લાઈફ દ્વારા એક જ દિવસમાં કુંભી અને ગામીત સમાજના બે બ્રેનડેડ વ્યક્તિઓના અંગદાન મેળવી ૬ ને નવજીવન બક્ષ્યું હતું.

મૂળ મહારાષ્ટ્રના જલગાંવના પારોલાના વતની અને હાલમાં લિંબાયતમાં રેનપ્રભા સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય રાજેન્દ્ર બાબુરાવ પાટીલ પરિવારનું ગુજરાન ચલાવવા મીલમાં નોકરી કરતા હતા. ગઈ તા. ૩૦ મી કામ પરથી પોતાના સાઢુભાઈ સાથે બાઈક પર ઘરે પરત ફરતા હતા. ત્યારે કડોદરા રોડ વરેલી પાસે અકસ્માત થતા સ્મીમેર હોસ્પિટલ બાદ

## કુંભી અને ગામિત સમાજનાં અંગદાને સમાજને પ્રેરણા આપી

વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં ગત તા. ૩૧ મી તેમને તબીબે બ્રેનડેડ જાહેર કર્યા હતા.

બીજા બનાવમાં તાપીના ઉચ્છલ તાલુકાના પરસોલીમાં રહેતા ભીલકીયા ગેરૂયાભાઈ ગામીત(ઉ.વ.૪૧) ગઈ તા. ૧૧ મી રાત્રે બારડોલીથી પોતાના ઘરે આવી રહ્યા હતા. ત્યારે સોનગઢ મીરકોટ ગામ પાસે રોડ ક્રોસ વખતે અજાણ્યા વાહન ચાલકની અડફેટે ચડતા સ્થાનિક હોસ્પિટલ બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં ગતરોજ તબીબે તેમને બ્રેનડેડ જાહેર કર્યા હતા.

બંને બ્રેનડેડ વ્યક્તિના પરિવારે ડોનેટ લાઈફને અંગદાન માટે સંમતિ આપતી અમદાવાદની હોસ્પિટલના તબીબની ટીમ સુરતની હોસ્પિટલમાં આવી હતી અને ચાર કિડની અને ૨ લિવરનું દાન સ્વીકાર્યુ હતું.

દાનમાં મેળવવામાં આવેલી ૪ કિડનીઓ પૈકી એક કિડની નવસારીના ડો. નરેશ છબીલદાસ સુરતી (ઉ.વ.૫૭), બીજી કિડની અમદાવાદના ગૌતમ પટેલ(ઉ.વ.૫૫), ત્રીજી કિડની ભોપાલના અંકિત કથેરીયા(ઉ.વ.૨૫), ચોથી કિડની ઉત્તરપ્રદેશના લખનૌના મમતા ભસીન(ઉ.વ.૫૨)માં જ્યારે એક લિવર હિંમતનગરના મનીષકુમાર શાહ(ઉ.વ.૪૬) અને બીજુ લિવર વડોદરાના મિતેશ ચૌહાણ(ઉ.વ.૩૯) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી.

# સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી બે બ્રેનડેડ વ્યક્તિએ અંગદાન કરી ૬ વ્યક્તિનાં જીવનમાં નવી રોશની પાથરી

સુરત, તા. ૧૪: સુરત શહેરમાં ડોનેટ લાઇફ દ્વારા એક જ દિવસમાં કુંભી અને ગામીત સમાજના બે બ્રેનડેડ વ્યક્તિઓના પરિવાર સાથે સમજણ કેળવી ૪ કિડની અને ૨ લિવરનું દાન કરાવીને ૬ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું હતું.

સુરત અને તાપી જિલ્લામાં અકસ્માતના બે અલગ અલગ બનાવો બન્યા હતા. જેમાં મહારાષ્ટ્ર, જલગાવના રાજેન્દ્ર બાબુરાવ પાટીલ (ઉ.વ.૪૫) અહીંની જયભારત ડાઇંગ મિલમાં કામ કરી પરત ઘરે પરત ફરી રહ્યા હતા આ દરમિયાન તેમજ તાપી જિલ્લાના ઉચ્છલના ખેડૂત એવા ભીલકિયા ગેરયાભાઇ ગામીત (ઉ.વ.૪૮) બારડોલી કામે ગયા હોય જ્યાંથી પોતાના ઘરે પરત ફરતી વખતે કોઇ અજાણ્યા વાહન ચાલકોએ અકસ્માત સર્જ્યો હોય જેમાં બંનેને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં બેભાન થઈ ગયા હતા.

બંનેને મગજની ગાંઠોનું નિદાન થયું હતું અને બ્રેન ડેડ જાહેર થતા ડોનેટ લાઇફે પરિવારજનો સાથે સમજણ કેળવી હતી. બંનેના પરિવારજનો અંગદાન આપવા સંમતિ મળતા જ ડોનેટ લાઇફે આઇ.કે.ડી.આર.સીના તબીબોની ટીમ જાણ કરી હતી. આઇ.કે.ડી.આર.સી દ્વારા કિડની, લિવરનું દાન સ્વીકાર્યુ હતું.

દાનમાં મેળવવામાં આવેલી ૪ કિડની પૈકી એક કિડની નવસારીના ડો. નરેશ છબીલદાસ સુરતી, બીજી કિડની અમદાવાદના ગૌતમ બાબુભાઇ પટેલમાં, ત્રીજી કિડની ભોપાલ, મધ્યપ્રદેશના અંકિત મિથલેશ કથેરિયા, જ્યારે ચોથી કિડની ઉત્તરપ્રદેશ, લખનૌના મમતા ગીરીશ ભસીનમાં જ્યારે બે લિવર પૈકી એક લિવર હિંમતનગરના મનીષકુમાર મનહરલાલ જ્યારે બીજુ લિવર વડોદરાના મિતેશ બેચરભાઇ ચોહાણમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

# વધુ બે બ્રેઈનડેડ લોકોના અંગદાન સાથે ૧૧ દિવસમાં ૨૯ વ્યક્તિને નવજીવન

સુરત : સુરત શહેરમાંથી ડોનેટ લાઈફ દ્વારા એક જ દિવસમાં બે બ્રેઈનડેડ વ્યકિતઓના અંગોનું દાન મળતા ૯ જણાને નવી જિંદગી મળી હતી. આમ, છેલ્લા ૧૧ દિવસ દરમિયાન ૭ બ્રેઈનડેડ વ્યક્તિઓની ૧૩ કિડની, ૬ લિવર, ૧૦ ચક્ષુનું દાન મળતા ૨૯ વ્યકિતને નવજીવન મળી શક્યું છે.

મુળ મહારાષ્ટ્ર, જળગાંવના રત્નીપિંપીગામની વતની રાજેન્દ્ર બાબુરાવ પાટીલ (ઉં.વ.૪૨) પરવટગામમાં આવેલી રત્નપ્રભાકર સોસાયટીમાં રહેતા હતા. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. કડોદરાની મીલમાં નોકરી કરતા રાજેન્દ્ર પાટીલ ગત તા.૩૦મીએ ઘરે પરત ફરી રહ્યાં હતા, ત્યારે અકસ્માત નડ્યો હતો. ત્યારબાદ તેમને સ્મીમેર બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ગઈકાલે તેમને તબીબોની ટીમે બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા. અન્ય એક કિસ્સામાં ગત તા. ૧૧મીએ અકસ્માતની ઘટનામાં ઘાયલ ભીલકિયાબેન ગેરયાભાઈ ગામીત (ઉં. વ. ૪૮, રહે. પરસોલીગામ, તા. ઉચ્છલ, જિ. તાપી)ને સારવાર માટે સુરત સિવિલમાં ખસેડાઈ હતી. જ્યાં ગઈકાલે ન્યૂરોફિઝીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડો. વિહાંગ સાલીએ ભીલકિયાબેનને બ્રેઈનડેડ જાહેર કરી હતી. આં બંને કેસમાં ડોનેટ લાઈફની ટીમે પરિવારજનોને સમજણ આપી અંગદાન માટે સહમતી મેળવી હતી.

**કેડેવર ઓર્ગન ડોનેશનમાં સુરત ઇતિહાસ રચ્યો : ૭ બ્રેઈનડેડ લોકોના અંગદાન થકી ૧૩ કિડની, ૬ લિવર, ૧૦ ચક્ષુનું દાન મળ્યું**

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, દાનમાં મળેલી ચારમાંથી એક કિડની નવસારીના ડો. નરેશ સુરતી (ઉં.વ.૫૭), બીજી કિડની અમદાવાદના ગૌતમ પટેલ (ઉં.વ.૫૫), ત્રીજી કિડની ભોપાલના અંતિક કથેરીયા (ઉં.વ.૨૫) અને ચોથી કિડની યુપી, લખનૌની મમતા ભસીન (ઉં.વ.૫૨)માં, જ્યારે બે પૈકી એક લિવર હિંમતનગરના મનિષ શાહ (ઉં.વ.૪૬) અને બીજુ લિવર વડોદરાના મિતેશ ચૌહાણ (ઉં.વ.૩૯)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

# એક જ દિવસમાં બે બ્રેઈનડેડના અંગદાનથી ૬ને નવજીવન મળ્યું

**સુરત.** સુરત શહેરમાંથી એક જ દિવસમાં બે બ્રેઈનડેડ વ્યક્તિના પરિવારજનોએ તેમના ગુમાવેલાં સ્વજનના અંગદાન કરતાં ૪ કિડની અને ૨ લિવરના દાનથી ૬ વ્યક્તિઓને નવજીવન મળ્યું હતું, જ્યારે છેલ્લાં ૧૧ દિવસમાં શહેરમાંથી કુલ ૭ બ્રેઈનડેડ વ્યક્તિના ૧૩ કિડની, ૬ લિવર અને ૧૦ ચક્ષુઓના અંગદાનથી ૨૯ લોકોને નવજીવન આપ્યું હતું.

મળતી માહિતી મુજબ લિંબાયતના રત્નપ્રભાકર સોસાયટીમાં રહેતાં અને ડાઈંગ મિલમાં કામ કરતાં રાજેન્દ્ર બાબુરાવ પાટીલને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. તેમને માર્ગ અકસ્માત નડતાં તેઓ સ્મીમેર હોસ્પિટલમાં દાખલ હતાં, જ્યાંથી તેઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં ગત રોજ તેને બ્રેઈનડેડ જાહેર કર્યા હતાં. ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા તેઓના પરિવારને



અંગદાન વિશે સમજાવતાં તેઓએ અંગદાન કર્યું હતું.

જ્યારે અન્ય એક પરિવારે અંગદાન કરતાં ભીલકીયા ગેરયા ગામીત (રહે. પરસોલી, ઉચ્છલ)નામના ખેત મજૂરને સંતાનમાં ત્રણ પુત્રી છે. તેઓને ગત ૧૧મી જૂનના રોજ બારડોલી નજીક અકસ્માત નડ્યો હતો. જેમાં તેઓને ખાનગી બાદ સિવિલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં, જ્યાં તેઓને ગત રોજ બ્રેઈનડેડ જાહેર કરાયાં હતાં. તેઓના પરિવારે અંગદાન કરતાં બે કિડની અને લિવરનું દાન લેવાયું હતું.



ડોનેટ લાઈફના પ્રમુખ ડો. નિલેશ માંડલેવાલાના જણાવ્યાં મુજબ, દાનમાં મેળવેલી કિડનીઓમાંથી નવસારીના ડો. નરેશ છબીલદાસ સુરતી(૫૭), અમદાવાદના ગૌતમ બાબુ પટેલ(૫૫), ભોપાલના અંકિત મિથલેશ કથેરીયા(૨૫) અને લખનૌના મમતા ગીરીશ ભસીન(૫૨)ને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ. જ્યારે લિવર હિંમતનગરના મનીષ મનહર શાહ(૪૬) અને વડોદરાના રહેવાસી મિતેશ બેચર ચૌહાણ(૩૯)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

## Date: january 2006 to 14th Jun 2018

**262**
**KIDNEYS**

**107**
**LIVERS**

**6**
**PANCREAS**

**17**
**HEARTS**

**222**
**CORNEA**

DONATE LIFE™
an initiative for organ donation

**Which has given new lease of life & vision to 611 persons across the country & globe**